# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , આત્મનિર્ભર ભારત બનાવવા માટે સ્ટાર્ટઅપ્સ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે , આજે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સ મિશન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે**
2. **સરકાર સંસદના આગામી અંદાજપત્ર સત્રમાં બીજ કાયદો 2026 રજૂ કરશે**
3. **આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે વર્ષ 2026 માટે આંકડાશાસ્ત્રમાં સુખાત્મે રાષ્ટ્રીય પુરસ્કાર માટે અરજીઓ મંગાવી**
4. **જમ્મુ કાશ્મીરમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની ડ્રોન જોવા મળતા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી**
5. **ભારતીય ખેલાડી લક્ષ્ય સેન આજે ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં રમશે.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM STARTUP DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલના દસ વર્ષ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી ભારતના જીવંત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમના સભ્યો સાથે વાતચીત કરશે.

શ્રી મોદીએ સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલના દસ વર્ષ પૂર્ણ થવા પર દેશના સ્ટાર્ટઅપ સમુદાયને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે આ પ્રસંગ યુવાનોની હિંમત , નવીનતા અને ઉદ્યોગસાહસિક ભાવનાની ઉજવણી કરે છે જેમણે વૈશ્વિક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં ભારતનું સ્થાન મજબૂત બનાવ્યું છે. પ્રધાનમંત્રીએ યુવા નવીનતાઓને ટેકો આપવા માટે સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી અને કહ્યું કે સરકાર દેશની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે તમામ હિસ્સેદારો સાથે કામ કરી રહી છે.

સ્ટાર્ટઅપ ઇન્ડિયા 16 જાન્યુઆરી 2016 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય ભારતને નોકરી શોધનારાઓ કરતાં રોજગાર સર્જકોનો રાષ્ટ્ર બનાવવાનો છે. છેલ્લા દાયકામાં , સ્ટાર્ટઅપ ઇન્ડિયા ભારતના આર્થિક અને નવીનતા સ્થાપત્યના પાયાના પથ્થર તરીકે ઉભરી આવ્યું છે.

. . . . .

# PIYUSH GOYAL-STARTUP INDIA

ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છેલ્લા દાયકામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બની છે જે નવીનતા, સ્થિતિસ્થાપકતા અને વૈશ્વિક માન્યતાની સફરને પ્રતિબિંબિત કરે છે.

આજે 10મા રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે , કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ઉદ્યોગસાહસિકો , નવીનતાઓ અને ઉદ્યોગના નેતાઓને સંબોધતા આઅ મુજબ કહ્યું હતું. શ્રી ગોયલે દેશના યુવાનોની સ્ટાર્ટઅપ યાત્રાનો ભાગ બનવા બદલ પ્રશંસા કરી.

તેમણે દરેક સફળ સ્ટાર્ટઅપ પાછળ દ્રઢતાની ભાવના પર પણ ભાર મૂક્યો હતો.

. . . . . . . .

# SHAH - KITE FESTIVAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મકરસંક્રાંતિ એ ખેડૂતોનો તહેવાર છે અને તેઓ એક રીતે આ દિવસે પોતાના નવા વર્ષની શરૂઆત કરે છે. આજે નવી દિલ્હીમાં ત્રીજા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને ખુલ્લો મૂકતાં શ્રી શાહે કહ્યું કે, દરેક ઋતુમાં અને દરેક સમયે, દેશના લોકો તહેવારોનું આયોજન કરે છે.

શ્રી શાહે કહ્યું કે , તહેવારો દ્વારા , સમગ્ર સમાજ એક સાથે આવે છે અને સામૂહિક દ્રષ્ટિકોણ સાથે આગળ વધે છે અને ઉત્તરાયણ એ પરંપરાનો એક ભાગ છે.

## (બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

શ્રી શાહે દેશના તમામ લોકોને , ખાસ કરીને ખેડૂતોને મકરસંક્રાંતિ , પોંગલ, લોહરી, માઘ બિહુ અને ઉત્તરાયણની શુભેચ્છાઓ પાઠવી. આ કાર્યક્રમમાં લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા હાજર રહ્યા હતા.

. . . . . .

# EARLY- SHIVRAJ-SEED ACT

સરકાર સંસદના આગામી અંદાજપત્ર સત્રમાં બીજ કાયદો 2026 લાવશે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આ કાયદાનો ઉદ્દેશ્ય નબળી ગુણવત્તાવાળા , નકલી અને અનધિકૃત બીજના વેચાણને રોકવાનો તથા આબોહવા-સ્થિતિસ્થાપક જાતોને પ્રોત્સાહન આપવાનો છે.

વધુમાં, તેમણે કહ્યું કે નવા કાયદા દ્વારા ખેડૂતો બીજ ક્યાંથી આવ્યા અને કોણે તેમને પૂરા પાડ્યા તે પણ જાણી શકશે.

## બાઇટ- શિવરાજ સિંહ ચૌહાણ

. . . . .

# MOSPI-AWARDS

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે આંકડાશાસ્ત્ર 2026 માં સુખાત્મે રાષ્ટ્રીય પુરસ્કાર માટે અરજીઓ મંગાવી છે. તે ઉત્કૃષ્ટ સંશોધન કાર્ય અને સત્તાવાર આંકડાશાસ્ત્રની પ્રણાલીમાં સુધારો કરવા માટે યોગદાન આપનારા વ્યક્તિઓને સન્માનિત કરે છે. 31 જાન્યુઆરી સુધી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા અરજી કરી શકાય છે.

આ પુરસ્કાર દર બે વર્ષે 45 વર્ષ કે તેથી વધુ ઉંમરના પ્રખ્યાત ભારતીય આંકડાશાસ્ત્રીઓને આંકડાશાસ્ત્રમાં તેમના જીવનકાળના યોગદાન અને સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.

. . . . . .

# VP-PM-THIRUVALLUVAR

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરુવલ્લુવર દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે મહાન તમિલ દાર્શનિક , કવિ અને વિચારક તિરુવલ્લુવરે શીખવ્યું હતું કે પ્રેમ એ જીવનનો પાયો છે , કરુણા અને દયા આપણા કાર્યોને માર્ગદર્શન આપે છે, અને બધા જીવોની સંભાળ રાખવીએ સર્વોચ્ચ ગુણ છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેમના ઉપદેશો લોકોને પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ સુમેળભર્યા અને કરુણાપૂર્ણ સમાજમાં માનતા હતા. તેમણે કહ્યું કે તિરુવલ્લુવર તમિલ સંસ્કૃતિના શ્રેષ્ઠ સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે. શ્રી મોદીએ દેશવાસીઓને તિરુવલ્લુવરના અસાધારણ જ્ઞાનને પ્રતિબિંબિત કરતા તિરુક્કુરલ વાંચવા માટે પણ વિનંતી કરી.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.....

# FAHD-ISRAEL

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે ઇઝરાયલમાં બ્લુ ફૂડ સિક્યુરિટી: સી ધ ફ્યુચર 2026 પર બીજા વૈશ્વિક સમેલનમાં ભાગ લીધો. મંત્રાલયે કહ્યું કે આ મુલાકાત ભારત અને ઇઝરાયલ વચ્ચે મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. મુલાકાત દરમિયાન, મંત્રીએ મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં દેશની સિદ્ધિઓ અંગે વાત કરીને વૈશ્વિક મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગને મજબૂત બનાવવામાં ભારતની વિસ્તરતી ભૂમિકા પર ભાર મૂક્યો. ઇઝરાયલી મંત્રી સાથેની તેમની ચર્ચાઓ વેપાર , ક્ષમતા નિર્માણ, સ્ટાર્ટઅપ વિનિમય, સંયુક્ત સંશોધન અને વિકાસ , શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી અને મેરીકલ્ચર અને સંલગ્ન ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી.

. . . . . . . .

# J&K-PAK DRONE

જમ્મુ કાશ્મીરમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યા હોવાના અહેવાલ છે. ગઈકાલે સાંજે પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખાના સંવેદનશીલ વિસ્તારો અને સાંબા જિલ્લામાં પાકિસ્તાની ડ્રોન દેખાતા સુરક્ષા દળો સતર્ક થયા હતા.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ પ્રથમ પૂંચ જિલ્લામાં દિગવાર સેક્ટર પર એક ડ્રોન ફરતું જોવા મળ્યું હતું જેના જવાબમાં સેનાના જવાનોએ ગોળીબાર કર્યો હતો. દરમિયાન , સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ત્યારબાદ રામગઢ સેક્ટરમાં શંકાસ્પદ ડ્રોનની હિલચાલ દેખાઈ હતી. કોઈપણ સંભવિત ખતરાને રોકવા માટે સુરક્ષા દળોને તાત્કાલિક હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા હતા. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

. . . . . .

# J&K-IED

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના કાકોરા ગામમાં કોર્ડન અને શોધ અભિયાન દરમિયાન સુરક્ષા દળોએ એક IEDને નિષ્ક્રિય કર્યો. ઓપરેશન દરમિયાન વિસ્તારમાંથી એક બેગમાં આશરે સાડા ત્રણ કિલોગ્રામનો IED મળી આવ્યો હતો. આ કોઈપણ ખતરાને નિષ્ક્રિય કરવા અને વિસ્તારના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ચાલી રહેલા સુરક્ષા પગલાંનો એક ભાગ હતો. સુરક્ષા દળોએ ઉચ્ચ ચેતવણી જારી કરી આ વિસ્તાર પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

. . . . . . . .

## DAY UNSC IRAN MEETING

અમેરિકાએ ઇરાનને ચેતવણી આપતા કહ્યું છે કે તે વિરોધીઓ પર હિંસક કાર્યવાહીને રોકવા માટે તમામ શક્ય પગલાં લેવાનું વિચારી રહ્યું છે. ગઈકાલે ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કટોકટી સત્રમાં બોલતા , અમેરિકાના કાયમી પ્રતિનિધિ માઇક વોલ્ટ્ઝે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે વિરોધીઓની હત્યા રોકવા માટે તમામ વિકલ્પો પર વિચાર કરશે. દરમિયાન રશિયા અને ચીને ઇરાનને ટેકો આપતા તણાવ ભડકાવવા બદલ યુએસની ટીકા કરી અને ચેતવણી આપી કે કોઈપણ લશ્કરી કાર્યવાહી આ ક્ષેત્રને અસ્થિર કરશે

. . . . . . .

# BADMINTON TOURNAMENT

આજે નવી દિલ્હીમાં યોજાનાર ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતીય બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેનનો મુકાબલો ચાઈનીઝ તાઈપેઈના લિન ચુન-યી સામે થશે.

અગાઉ, રાઉન્ડ ઓફ 16 મેચમાં લક્ષ્ય સેને જાપાનના કેન્ટા નિશિમોટોને સીધી ગેમમાં પરાજય આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

સેન સિંગલ્સમાં એકમાત્ર ભારતીય ખેલાડી છે, જે ક્વાર્ટર ફાઇનલ સુધી પહોંચયો છે.

. . . . . . . . . .